


ટેકનોવા : ગાંધીનગરના પાદરે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી 'નીફ્ટ'ના વિદ્યાર્થીઓ દ્વારા ગ્રેજ્યુએશન પ્રોજેક્સનો શૉ કેસ ટેકનોવા - ૨૦૧૬ ભારે ઉલ્લાસપૂર્વક યોજાયો હતો. વિદ્યાર્થીઓ દ્વારા સંશોધનાત્મક અને કૌશલ્યપૂર્વક અત્યંત નાવિન્યપૂર્વક પ્રોડક્ટ્સ રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. નીફ્ટ દ્વારા પ્રતિવર્ષ યોજાતો પ્રોજેક્ટ્સ શૉ વિદ્યાર્થીઓ માટે અને સંસ્થા માટે પ્રોત્સાહક બની રહે છે.

# ભાજપના પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણી ઘરમાં લપસી પડતા માથામાં પાંચ ટાંકા

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને રાજયકક્ષાના કેબીનેટ કક્ષાના મંત્રી વિજયભાઈ રુપાણી ગઈકાલે રાત્રીના સુમારે પોતાના ઘરમાં અચાનક પડી જતાં ઈજા પહોંચી હતી. વિજયભાઈને ઈજા પહોંચતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જયાં હાજર ફરજ પરના તબિબે ઈજા પહોંચી હોવાથી પાંચ ટાંકા લેવા પડ્યા હતા બાદમાં સીટીસ્કેન માટે અમદાવાદ લઈ જવાયા હતા. ગાંધીનગર હોસ્પિટલમાં ભાજપ પ્રદેશ પ્રમુખને સારવાર માટે લાવ્યા હોવાથી હોસ્પિટલ ખાતે ઉચ્ચ અધિકારીઓ પણ દોડી આવ્યા હતા અને સતત ખડેપગે હાજર જોવા મળ્યા હતા. વિજયભાઈને ઈજા પહોંચી હોવાની જાણ કાર્યકરોને થતા ખબર અંતર પુછવા મંત્રી વિજયભાઈનો ફોન સતત રણક્યો હતો. ગાંધીનગર મંત્રી નિવાસમાં વસવાટ કરતા મંત્રી વિજય રુપાણી ગતરાત્રીના ચાર વાગ્યાના અરસામાં અચાનક તેમના ઘરમાં પડી જતા તેઓને ઈજા પહોંચી હતી. વિજય રુપાણીને પરિવારના સભ્યો અને રાત્રી ફરજ બજાવતા કર્મચારીઓ તાત્કાલીક ગાંધીનગર સિવિલ ખાતે લઈને આવ્યા હતા. જયાં હાજર પરના તબિબે સારવાર કરી હતી અને શરીરે ઈજા હોવાથી પાંચ ટાંકા લેવાની ફરજ પડી હતી. ત્યારબાદ સીટીસ્કેન માટે અમદાવાદ લઈ જવાયા હતા. ગાંધીનગર હોસ્પિટલમાં ચાર થી ૬ વાગ્યા સુધીમાં ઉચ્ચ અધિકારીઓ આવી પહોંચ્યા હતા અને સતત ખડેપગે જોવા મળ્યા હતા. જયારે સવારે વિજયભાઈને ઈજા પહોંચી હોવાની જાણ વાયુવેગે કાર્યકરોને થતા ખબર અંતર પુછવા સતત ફોન રણકતો જોવા મળ્યો હતો.



# વાહન પાર્કીંગ બાબતે વાવોલની સોસાયટીમાં મારામારી

## કોમન જગ્યામાં શેડ કરી વાહન પાર્ક ન કરવા દઈ યુવાન પર હૂમલો કરાયો : પોલીસ ફરીયાદ

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં સ્થિત કિર્તીધામ સોસાયટીમાં રહેતા હર્ષદભાઈ વી. શર્માને વાહન પાર્કીંગ કરવા બાબતે ચાર શખ્સોએ મળીને ઢોર માર માર્યો હતો. મળતી માહિતી મુજબ ફ્લેટના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે મકાન ધરાવતા શંભુભાઈ રાવલે ઉપરના માળે રહેતા મકાનમાલીક હર્ષદભાઈને વિશ્વાસમાં લઈ કોમન જગ્યાએ શેડ બનાવ્યો હતો. પહેલા વાહન ત્યાં પાર્ક કરવા અનુમતી આપી હતી. ત્યાર બાદ હવે શેડ નીચે વાહન નહી મુકવા આદેશ આપી દીધો હતો. ગઈ રાત્રે શેડ નીચે હર્ષદભાઈએ બાઈક મુક્યુ એટલે શંભુભાઈ તથા તેમના બે દિકરાઓ સહિત ચાર શખ્સોએ મળીને હર્ષદભાઈ પર હૂમલો કરતા ઈજાગ્રસ્ત હર્ષદભાઈને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે. સે. ૭ પોલીસમથકમાં આ બનાવ અંગે ગુનો નોંધાયો છે.

# ધણપ પાસેથી દારૂનો જથ્થો ભરેલી ટ્રક ઝડપાઈ

## એલસીબીની ટીમે વૉચ ગોઠવીને ટ્રક પકડી ૧૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો : ડ્રાઈવરની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમ દારૂની હેરાફેરી અટકાવવા પ્રયત્નશીલ છે ત્યારે પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમ આજે પેટ્રોલીંગમાં હતી ત્યારે હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી દારૂ ભરેલી ટ્રક પસાર થવાની હોવા અંગે બાતમી મળતા ટીમ ધણપ પાટીયા પાસે વૉચમાં ગોઠવાઈ ગઈ હતી.



બાતમીવાળી ટ્રક નં. એચ.આર.૪૬-ડી-૮૦૯૪ ત્યાંથી પસાર થતા ઉભી રખાવી ડ્રાઈવર અનુપ આનંદ ખન્ના (રહે. ભીવાણી, હરીયાણા)ને પકડી પાડ્યો હતો. ટ્રકમાં તપાસ કરતા અંદરથી જુના ફર્નીચરની આડશમાં દેશી દારૂનો સંતાડેલો જથ્થો મળી આવ્યો હતો. ટ્રકમાંથી ૫૬૬૪ નંગ વિદેશી દારૂની બોટલો (કિં. રૂ. ૮,૮૯,૨૦૦) મળી આવતા દારૂ તથા ટ્રક ઉપરાંત જુનુ ફર્નીચર અને ડ્રાઈવર પાસેથી મળેલા બે મોબાઈલ સહિત કુલ રૂ. ૧૮,૯૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી છે. ચિલોડા પોલીસ મથકમાં ગુનો નોંધી ડ્રાઈવરની પુછપરછ શરૂ કરવામાં આવી છે.

# કેબીનેટ બેઠકમાં એન.આર.આઈ. ક્વોટા રદ કરવા વટહૂકમ મંજૂર કરાયો

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યમંત્રી મંડળની આજે મળેલી બેઠકમાં મેડીકલ કોલેજોમાં પ્રવેશ માટે એન.આર.આઈ. ક્વોટા મેનેજમેન્ટ ક્વોટામાં ફેરવવા અંગેના વટહૂકમને મંજુરી આપવામાં આવી છે.

આ અંગેની વિગતો આપતાં રાજ્યના આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે આજે મંત્રીમંડળની બેઠકમાં આરોગ્ય વિભાગ દ્વારા એમ.બી.બી.એસ. અને બી.ડી.એસ.માં પ્રવેશ માટે એન.આઈ.આઈ.ક્વોટાનો મેનેજમેન્ટ ક્વોટામાં ફેરવવા માટે એક વટહૂકમની દરખાસ્ત રજુ કરવામાં આવી હતી જેને કેબીનેટમાં મંજુરી આપવામાં આવી છે.

એન.આર.આઈ. શબ્દ રદ કરીને મેનેજમેન્ટ ક્વોટા કરવામાં આવ્યુ છે. આ નિર્ણયના કારણે હવે ગુજરાતના વિદ્યાર્થીઓ માટે બેઠકો વધશે અને તેમને લાભ મળશે.

# વિપુલ વિજોય સામેની તપાસનો તપાસ અહેવાલનો અભ્યાસ કરાઈ રહ્યો છે : ગૃહરાજ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યના એડીશનલ ડી.જી.પી. વિપુલ વિજોય સામેની તપાસ માટે રચવામાં આવેલ તપાસ સમિતિના અહેવાલનો અભ્યાસ ચાલી રહ્યો છે અને દોષીત ઠરશે તો ખાતાકીય તપાસ કરવામાં આવશે એમ રાજ્યના ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલે જણાવ્યું હતું.

રાજ્યના એડીશનલ ડીજીપી વિપુલ વિજોયના નિવાસસ્થાને થોડા મહીનાઓ અગાઉ પોલીસ કર્મીઓને ગોંધી રાખ્યા હોવાનો આક્ષેપ વિપુલ વિજોય સામે પોલીસ કર્મીઓએ કર્યો હતો.

આ ઘટના અંગે રાજ્ય સરકાર દ્વારા એક તપાસ સમિતિ રચવામાં આવી હતી.

આ અંગે આજે રાજ્યના ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે તપાસ સમિતિ દ્વારા તપાસ કરીનો અહેવાલ ગૃહ વિભાગને મોકલી આપવામાં આવ્યો છે અને તેનો અભ્યાસ ચાલી રહ્યો છે. જો આ અહેવાલમાં તેઓ દોષીત ઠરશે તો તેમની સામે ખાતાકીય તપાસ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે થોડા દિવસો અગાઉ જ અહેવાલ ગૃહ વિભાગને મળ્યો છે.

કચ્છના ડી.એસ.પી. બારોટ સામેની તપાસ અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે આ અંગે તપાસ સમિતિને તપાસ સોંપવામાં આવી છે તેમનો અહેવાલ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરાશે.

# તલાલાના નવનિર્વાચિત વિધાયકનો શપથવિધિ

ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં ગુજરાત વિધાનસભા અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા સમક્ષ તાલાલા વિધાનસભા મત ક્ષેત્રના નવનિર્વાચીત ભાજપા ઉમેદવારશ્રી ગોવિંદભાઈ પરમારે ધારાસભ્ય તરીકેના શપથ લીધા હતા.

